SURAT MUNICIPAL CORPORATION

एक कदम स्वच्छता की ओर

FIT INDIA

# સુરત મહાનગરપાલિકા

ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ
જાહેર બાગ બગીચા ખાતુ

ગાંધીબાગ, ચોકબજાર, સુરત – ૩૯૫૦૦૩.
ફોન : (ઓફિસ) ૨૪૭૩૬૩૩
ફેક્ષ : (૦૨૬૧) ૨૪૫૧૯૩૫/ ૨૪૨૨૧૧૦

પીપીજી/આ.વ./નં.૬૦૧
તા.૦૮/૦૭/૨૦૨૫

## સંમતિપત્ર

પ્રતિ,

.......................................

........................................

**વિષય :– અઠવા, ઉધના–અ અને લીંબાયત ઝોન વિસ્તારમાં વિવિધ પ્લોટોમાં એફોરેસ્ટેશન / માસ પ્લાન્ટેશન કરવાનું કામ.**

**સંદર્ભ :– (૧) મ્યુ.કમિશનરશ્રી (સ્થાયી સમિતિની સત્તાની રૂએ) ઠરાવ નં.૮૭/૨૦૨૧, તા.૨૨/૦૧/૨૦૨૧ થી મંજુર થયેલ ભાવ મુજબ.**
**(૨) એડી.સીટી.ઈજનેરશ્રીની તા.૦૮/૦૭/૨૦૨૫ ના રોજની મંજુરી.**

**મહાશય,**

અઠવા, ઉધના–અ અને લીંબાયત ઝોન વિસ્તારમાં નીચે દર્શાવેલ પ્લોટોમાં એફોરેસ્ટેશન / માસ પ્લાન્ટેશન કરવાના કામે મ્યુ.કમિશનરશ્રી (સ્થાયી સમિતિની સત્તાની રૂએ) ઠરાવ નં.૮૭/૨૦૨૧, તા.૨૨/૦૧/૨૦૨૧ થી મંજુર થયેલ ભાવ મુજબ રૂા.૭૯.૭૩પૈ. પ્રતિ નંગ મુજબ કુલ ૫,૦૦૦ નંગ રોપાઓનું ૨ (બે) વર્ષના નિભાવ સહિત વૃક્ષારોપણ કરવાના કામે ટેન્ડરના સ્પેસીફીકેશન અને શરતોને આધિન રકમ રૂા.૪,૭૦,૪૦૭.૦૦પૈ. ની મર્યાદામાં કામગીરી કરાવવા સંદર્ભ (૨) હેઠળથી મંજુરી મળેલ. જો આપ આ કામ કરવા સંમત હોય તો આપશ્રીની લેખીત સંમતિ બંધ કવરમાં તા.૧૪/૦૭/૨૦૨૫ સુધીમાં નીચે સહી કરનારની કચેરીમાં પહોંચાડવા પ્રબંધ કરશો. ઉપરોકત જણાવેલ તારીખ પછી કોઈ બંધ કવરો સ્વીકારવામાં આવશે નહી.

| ક્રમ | સ્થળ | પ્લાન્ટેશન કરવાજોગ અંદાજીત રોપાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગવીયર એસ.ટી.પી. | ૨,૦૦૦ |
| ૨ | ખજોદ એસ.ટી.પી. | ૧,૫૦૦ |
| ૩ | બમરોલી એસ.ટી.પી. | ૧,૫૦૦ |
| ૪ | ડીંડોલી એસ.ટી.પી. | ૯૦૦ |
| **કુલ** | | **૫,૯૦૦** |

### –: શરતો :–

૧. અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફ્ટ / પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા.૪,૦૦૦ /– ની આપવાની રહેશે.

૨. ઈજારદારે અંદાજીત રકમ ના ૨૦% એટલે કે રૂા.૯૫,૦૦૦.૦૦ પૈ. કે તેથી વધુ રકમની વર્તમાન (ચાલુ) વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવંશી સર્ટીફીકેટ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૩. પરિશિષ્ટ–અ માં દર્શાવેલ તમામ સ્થળોની મુલાકાત લઈ જાત માહિતી મેળવવી તેમજ મ્યુ.કમિશનરશ્રી (સ્થાયી સમિતિની સત્તાની રૂએ) ઠરાવ નં.૮૭/૨૦૨૧, તા.૨૨/૦૧/૨૦૨૧ થી મંજુર થયેલ કામની શરતોનો અભ્યાસ કરી સંમતિ આપવી.

૪. ઈજારદારે સમાન પ્રકારના પૂર્ણ કરેલ કામના/ અનુભવના સર્ટીફિકેટ (Form 3A/Work Completion Certificate) ની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૫. કોઈપણ તથા બધાજ સંમતિપત્રક રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈ પણ કારણો આપવામાં આવશે નહી.

૬. તમામ પ્રકારના વેરા / સરકારી ટેક્ષ ઈજારદારે ભોગવવાનાં રહેશે.

૭. તમામ સરકારી/ અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.

**-sd-**
**ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ**
**જાહેર બાગબગીચા ખાત**
**સુરત મહાનગરપાલિકા**